Extra No. 141

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **WEDNESDAY, MAY 27, 2026 / JYAISTHA 6, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

વાંચ્યો:

(૧) ડાયરેકટર જનરલ ઓફ પોલીસના પત્ર ક્રમાંક-૧૮૬/STB/RB/F.No.34/જાહેરનામું પ્રસિધ્ધ/૮૮૩/૨૦૨૧, તા.૦૭/૦૯/૨૦૨૧.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા-હિંમતનગરના પત્ર ક્રમાંક.ટ્રાફીક/ઘાસચારો/જાહેરનામુ/૭૨૦/૨૦૨૬, તા.૨૬/૦૫/૨૦૨૬.

હુકમ:

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ગ)અન્વયેનું જાહેરનામું,

નં.પી.ઓ.એલ.-૨ જાહેરનામું/ઘાસચારો પ્રતિબંધ/૩૩(૧)(ગ)/વશી-૭૭૫/૨૦૨૬ - આમુખ-(૧)ની વિગતે જાહેર રસ્તાઓમાં કેટલાક લોકો ધ્વારા ઘાસચારો વેચતા હોય છે અને જીવદયા પ્રેમીઓ રોડ ઉપર જ વાહનો પાર્ક કરી જાહેરમાં પશુઓને ઘાસચારો ખવડાવતા હોય છે. જે અંતર્ગત આમુખ (૨)થી પોલીસ અધિક્ષકશ્રી,સાબરકાંઠા ધ્વારા હિંમતનગર શહેરમાં નીચે જણાવેલ સ્થળોએ રખડતા પશુઓને જાહેર રસ્તાની બાજુમાં ઘાસચારો નાખવા ઉપર પ્રતિબંધ માટે જરૂરી જાહેરનામાં બહાર પાડવા રજુઆત કરેલ છે.

સબબ, ઉકત હકીકતે જાહેરમાં રખડતા ઢોરો માટે રસ્તા ઉપર ઘાસચારો વેચતા ઈસમો અને રસ્તા ઉપર રખડતા ઢોર જે લોકોના સ્વાસ્થ્ય અને જાહેર માર્ગ સલામતીને ભયરૂપ હોય માર્ગ અકસ્માત નીવારવા અને આમ જનતાની સલામતીના હેતુસર હું લલિત નારાયણ સિંધ સાંદુ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(ગ)થી મને મળેલ અધિકારની રૂએ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરમાં નીચે જણાવેલ વિસ્તારમાં સમાવિષ્ટ જાહેર સ્થળો, જાહેરમાર્ગ, ફુટપાથ ઉપર કોઈપણ વ્યકિત ધ્વારા ઘાસચારાનું વેચાણ કરવા તથા જાહેરમાં પશુઓને ઘાસચારો નાખવા તેમજ રાખવા તે સમગ્ર બાબતો ઉપર પ્રતિબંધ ફરમાવુ છુ.

"જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર"

ક્રમ	સ્થળ
૧	રીલાયન્સ માર્ટ સામે, બેરણા રોડ, હિંમતનગર.
૨	જુની જીલ્લા પંચાયતની આગળ રેલ્વે ફાટક સામે

૩	દુર્ગા કોમ્પ્લેક્ષવાળા રેલ્વે ફાટક પાસે
૪	સી.સી.શેઠના પેટ્રોલપંપ સામે ગરનાળા ઉપર
૫	જે પી મોલની સામે મહાકાલી-ગાયત્રી મંદિર રોડ
૬	ધાણધા ફાટક પાસે
૭	છાપરીયા ચોકડી હનુમાનજી મંદિર પાસે
૮	બળવંતપુરા ફાટક પાસે, ડેમાઈ રોડ

"જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો"

તા.૨૭/૦૫/૨૦૨૬ના કલાક ૦૦-૦૦ કલાકથી તા.૨૫/૦૭/૨૦૨૬ના કલાક ૨૪-૦૦ સુધી (બંને દિવસો સહિત)૫૦ દિવસ માટે અમલમાં રહેશે.

*** જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ "**

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

મેં આજ તા.૨૬ મી મે-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.25 17:47:28 IST